RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૫ ● અંક : ૨ ● ૫ ઓક્ટોબર-૨૦૧૮ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦/- ● પાના - ૪

## વીમેન્સ ઓન વ્હીલચેર

આલેખન : અમિતા મહેતા

**હોંસલા બુલંદ છે એવા લોકો શારીરિક અક્ષમતાઓને અવગણીને પોતાના માનસિક બળ વડે આગળ વધે છે અને વિશ્વ માટે મિસાલ બને છે. હાથ-પગ કે આંખ ન હોવાથી એમની જિંદગી અટકતી નથી. આજે આપણે વ્હીલચેર પર બેસીને સફળતાની ટોચ પ્રાપ્ત કરનાર કેટલીક દિવ્યાંગ મહિલાઓને મળીએ :**

દિપા મલિકએ એથ્લેટ છે કે જેને ૨૦૧૬ના રિયો પેરાઓલોમ્પિકમાં શોટ પુટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ વિજેતા દિપા મલિક માઉન્ટેન્યરિંગ અને સ્વીંગમાં અવલ્લ હતા. આર્મી બેકગ્રાઉન્ડ ધરાવતી દિપા મલિકને ૬ વર્ષની ઉંમરે સ્પાઈનલ કોલમમાં ટ્યુમર ડિટેક્ટ થયું. ત્યારે દિપાએ પથારીવશ બનવું પડ્યું. લાંબી સારવાર બાદએ ચાલતી થઈ. સ્પોર્ટસ એની હોબી હતી. બાઈક, મોટરકાર અને સ્વીંગની ટ્રેઈનીંગ લીધા બાદ ૧૮૦૦૦ ફૂટની ઉંચાઈ પર ઝીરો ટેમ્પરેચરે ૮ દિવસ સુધી ડ્રાઈવ કર્યુ. આજ સુધી એમને ૩૧ સર્જરી અને ૧૮૩ સ્ટીચ લીધા છે. લગ્ન પછી બે દીકરીની માતા બની અને ૩૦ વર્ષ બાદ ફરી ટ્યુમર થયું. સર્જરીના કોમ્પ્લિકેશનને કારણે કમરની નીચેનો ભાગ પેરેલાઈઝ્ડ થઈ ગયો એ વખતે એમના પતિ કારગીલ યુધ્ધ પર હતા. દિપાએ હિંમત હાર્યા વગર વ્હીલચેર પર બેસીને ઘર-કામકાજ અને બાળકો માટે ખુદને એડ્જસ્ટ કરી. ટેકનોલોજીનો સહારો લઈ ઘરની વ્યવસ્થા ગોઠવી. પગ નકામા થઈ ગયા એટલે જિંદગી ખતમ... હતાશા અને નિરાશાનો દોર શરૂ એવું માનવાને બદલે આગળ વધવાનું નક્કી કર્યું. લોકો એની હાલત જોઈને ગોપીસ કરતાં હતા, પરંતુ એણે કિંગફિશર પાસે સ્પેશિયલ મોટરસાયકલ બનાવડાવી જે પોતે ચલાવી શકે. આ મોટરસાઈકલ દ્વારા એણે લિમ્કા બુક રેકોર્ડ સર્જયો. ૨૦૦૯માં દિપાને હેન્ડ કંટ્રોલ કાર ચલાવવાનું લાયસન્સ મળ્યું. એ કારથી દિલ્હીથી લેહ ૩૦૦૦ કિ.મી.નું અંતર કાપીને વધુ એક રેકોર્ડ સર્જયો. સ્પાઈનલ ઈન્જરી હોવા છતાં યમુના નદી તરનાર એ ફર્સ્ટ ડિસેબલ વુમન બની. બીજા ટ્યુમર બાદ વ્હીલચેર પર બેઠા બેઠા એને શોટ પુટ રમવાનું શરૂ કર્યું. ૨૦૦૯માં પ્રથમ વખત નેશનલ ચેમ્પિયન બની અને એની આ સફર રિયોના મેડલ સુધી લઈ ગઈ.

દિપા જેવી જ અન્ય એક વ્હીલચેર પ્લેયર છે બેંગ્લોરની માલાથી કૃષ્ણમૂર્તિ હોલા. આ ઈન્ટરનેશનલ પેરા એથ્લેટને હાઈ ફીવરને કારણે યુવાન વયે આખા શરીરે લકવો થઈ ગયો. બે વર્ષની લાંબી ઈલેક્ટ્રીક શોર્ટ ટ્રીટમેન્ટ બાદ એનું કમર ઉપરનું શરીર કામ કરતું થયું. પરંતુ પગથી હાલી-ચાલી શકાય એમ ન હતું. આવી પડેલી તકલીફ સામે શરણાગતિ સ્વીકારવાને લાઈફમાં જે બેસ્ટ કરી શકાય એ માટે મન બનાવ્યું. કોલેજમાં એ વિવિધ સ્પોર્ટસમાં ભાગ લેતી. અને આજે એ પેરા ઓલિમ્પિક સહિતના વિવિધ ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી છે. ૨૦૦ મીટર શોટ યુ ડિસ્કસ થ્રો અને જુવેનાઈલ થ્રો માં એને નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. અત્યાર સુધી ૩૦૦ મેડલ અને અર્જુન એવોર્ડ તથા પદ્મશ્રી મેળવી ચૂકી છે એટલું જ નહીં ગ્રામ્યવિસ્તારમાં દિવ્યાંગ બાળકો માટે કામ પણ કરે છે.

પ્રિયા ભાર્ગવ અને વિરાલી મોદી પણ આવી જ યુવતીઓ છે. પ્રિયા તરૂણવયે લ્યુપસ એરિથ્મેટોસસ નામની ગંભીર બીમારી થઈ. જેમાં દર બીજે દિવસે ૧૦૬-૧૦૭ ડિગ્રી તાવ આવતો લાંબી તપાસ બાદ ખબર પડી કે એના લોહીમાં એન્ટી બોડીઝ ૧૫૦ને બદલે ૩૫૦ જેટલા છે જેથી એની શારીરિક સિસ્ટમ ડિસ્ટર્બ થઈ જતી. તાવને કારણે ભારે અશક્તિ આવી અને એક દિવસ એના પગે લકવો થઈ ગયો. અને એ હંમેશા માટે વ્હીલચેર પર આવી ગઈ. પ્રિયા કહે છે કે એકવાર મને સેપ્ટિસીમીયાનું એટલું ગંભીર ઈન્ફેક્શન થયું કે હું માંડ માંડ બચી. આ બીમારીએ મારા જીવનના કીમતી દસ વર્ષ મેં ગુમાવી લીધા છે. ડિપ્રેશનમાંથી બહાર આવતા મને લાંબો સમય લાગ્યો. ૨૦૦૭માં મારી તબિયત થોડી સારી થઈ એટલે મેં ઈગ્નુમાંથી બી.સી.એ. અને એમ.સી.એ. કર્યું. હજુ પણ હું એકદમ સ્વસ્થ નથી. યુરિનરી સિસ્ટમ પર શરીરનું નિયંત્રણ નથી. તેથી ઘરની બહાર ખાસ નીકળતી નથી. પરંતુ એક વખત સોશિયલ મીડીયા દ્વારા મને જાણવા મળ્યું કે એક સંસ્થા દ્વારા મિસ્ટર એન્ડ મિસ વ્હીલચેર સ્પર્ધાનું આયોજન કર્યું છે. મારા મિત્રોએ મને એમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી. બેંગ્લોરમાં આ સ્પર્ધા યોજાઈ અને ૨૫૦ છોકરીઓમાં હું પ્રથમ આવી. જેનાથી મારો આત્મવિશ્વાસ વધ્યો. મને કેટલીક એડ પણ મળી. હાલ હું સિવિલ સર્વિસની પરીક્ષાની તૈયારી કરું છું. લગ્નની જવાબદારી હું નિભાવી શકું એમ નથી. તેથી મારી કેરિયર આગળ વધારવા કટિબધ્ધ છું.

મોડેલ, એક્ટર અને મોટિવેશનલ સ્પીકર વિરાલી મોદીએ બાળપણ યુ.એસ.એ.માં વીતાવ્યું હતું. પેરાલિસિસને કારણે એનું જીવન વ્હીલચેર પર આવી ગયું. બીમારીને કારણે ડૉક્ટરે એને ત્રણ વાર મૃત જાહેર કરી હતી. ૨૩ દિવસ કોમામાં રહ્યા બાદ જ્યારે ભાનમાં આવી ત્યારે આખું ફેમિલી એની પડખે હતું અને એને ખુશ રાખવાનો પ્રયત્ન કરતું હતું. વિરાલી કહે છે કે હું પણ ખુશ રહેવા મથતી અને મારી મર્યાદાને પડકાર ગણીને આગળ વધવાનું નક્કી કર્યું. ૨૦૧૪માં એણે મિસ વ્હીલચેરમાં ભાગ લીધો. વિજેતા બનતાં જ સોશિયલ મીડીયા પર એ છવાઈ ગઈ. એણે ક્વોરા પર લખવાનું શરૂ કર્યું અને અનેક લોકો માટે પ્રેરણા બની ગઈ. લિવ, લાઉ અને લવ આ ત્રણ બાબત પર ફોક્સ કરતી વિરાલી આ વર્ષે ભારતની ૧૦૦ વીમેન્સમાં સ્થાન મેળવી ચૂકી છે. રાઈઝિંગ સ્ટાર ઈન્ડિયા, યુથ એમ્બેસેડર-અનએબલ ટ્રાવેલ, ડિસએબિલિટી રાઈટ એક્ટીવીસ્ટ અને રાઈટર તરીકે આજે એ યુથ આઈકોન છે. મતલબ કે કંઈ કરવાની પ્રબળ ચાહ હોય તો ગમે તેવી શારીરિક ખામી અને મુશ્કેલીઓ નડી શકતી નથી.

સ્મિનુ જિંદાલ એ જિંદાલ શો લિમીટેડના મેનેજિંગ ડાયરેક્ટર છે. ૧૧ વર્ષની ઉંમરે કાર અકસ્માતમાં કમર નીચેનો ભાગ લકવાગ્રસ્ત બની ગયો. મારવાડી બિઝનેસ પરિવારમાં આ સંતાનને નોર્મલ બાળકની જેમ મોટી કરાઈ. સ્મિનુ કહે છે કે ૧૧ વર્ષની ઉંમરે મેં જીવનની વાસ્તવિકતાનો સહર્ષ સ્વીકાર કરી લીધો હતો. બસ મને એક જ અફસોસ

(પા.નં. ૩ ઉપરથી...)

## તંત્રી સ્થાનેથી....

પ્રિય વાંચકો મિત્રો....

વિકલાંગ મિત્રના શુભેચ્છક પરમ સ્નેહીશ્રી આશાબેન, વલસાડ (આશા-વિરેન્દ્ર) દ્વારા "હૈયે હામ- હાથે કામ"નામે ભુમિપુત્રમાં તા. ૧૬-૮-૨૦૧૮ના અંકમાં લેખ લખી આપણી પ્રવૃત્તિને સમાજ સમક્ષ મૂકી હતી. આ લેખને વાંચીને ઘણા શુભેચ્છક મિત્રો વિકલાંગ મિત્રને મળ્યા છે. શ્રી આશાબેનનો વિકલાંગ મિત્ર ખૂબ...ખૂબ...આભાર માને છે.

રમતગમત ક્ષેત્રે બે દિવ્યાંગજનો અંકુર ધામા અને મનોજ સરકારને આ વર્ષનો અર્જુન એવોર્ડ એનાયત થયો છે. બંને દિવ્યાંગ રમતવીરોને અભિનંદન પાઠવવામાં આવે છે.

વ્હીલચેર જ જેનું જીવન છે એવા દિવ્યાંગો પણ સિધ્ધિના શિખરો સર કરે છે. તેમાંયે દિવ્યાંગ મહિલાઓએ પણ પાછી પાની કરી નથી. આવી વ્હીલચેરનો ઉપયોગ કરતી દિવ્યાંગ મહિલાઓની સિધ્ધીઓ વિશેનો અમીતા મહેતાનો લેખ પ્રથમ પેજ ઉપર પ્રસિધ્ધ કરતાં ગૌરવનો અનુભવ થાય છે.

જાણીતા પત્રકાર અને સાહિત્યકાર શ્રી કૃષ્ણકાન્ત ઉનડકટનો લેખ "દિવ્યાંગ કહી દેવાથી વિકલાંગોનું ભલું થઈ જશે ?" સાંપ્રત સમયમાં દિવ્યાંગોની પરિસ્થિતિ અંગે સાચું અને સચોટ નિદાન કરવામાં આવ્યું છે, જે છેલ્લા પેજ પર પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

દિવ્યાંગોને સૌથી વધુ કનડતી પરિસ્થિતિ હોય તો તે છે રોજગારી મેળવી સ્વાવલંબી જીવન વ્યતિત કરી સમાજમાં ગૌરવભેર જીવી શકાય, કાશ આ સ્વપ્નું સાકાર થઈ શકતું નથી. દિવ્યાંગોના જીવનમાં આવો ઉજાસ પાથરવાનું કામ અનુરાધા-પવન દંપતી અમદાવાદમાં કરી રહ્યું છે. તે અંગેની વિગતો આ અંકમાં પ્રસિધ્ધ કરતાં આનંદ થાય છે.

પિતાએ પોતાના પનોતા પુત્રને સાચી શ્રધ્ધાંજલિ આપવાનું કામ શ્રી રસિકભાઈ મોદી, અમદાવાદ કરી રહ્યા છે, તે અંગેની વિગતો આપની સમક્ષ મૂકતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

ગુજરાતના ૧૮૨ લોક સેવકોએ છાનોમાનો પગાર વધારી દીધો. સર્વે પક્ષોએ સંપીને લાભ લઈ લીધો. મિત્રો રોજેરોજ લડતા- ઝઘડતા લોકસેવકો પોતાના સ્વાર્થ માટે કેવી ગજબની એકતા દર્શાવી...! હે ગુજરાતના ૧૮૨ ધુરંધર લોક સેવકો આવી એકતા દિવ્યાંગોની વર્ષો જૂની માંગણીઓ સંતોષવા માટે દર્શાવી શકશો...?

ઘણા સમયથી ગુજરાત સરકાર તરફથી દિવ્યાંગોને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા અપાતા એવોર્ડો એનાયત થયા નથી. શું સરકાર ભૂલી ગઈ છે કે આ યોજના બંધ કરી છે...? દિવ્યાંગોના નામે મોટી જાહેરાતો કરી પ્રસિધ્ધી મેળવનાર સરકાર આ બાબતે યોગ્ય કરશે..? કેમ કોઈ અવાજ ઉઠાવતું નથી...? દિવ્યાંગજનો, કર્મશીલો અને સંસ્થાઓ દ્વારા આ બાબતે જોરદાર રજૂઆતો કરવાનો સમય પાકી ગયો છે. શું ઉગ્ર રજૂઆતો કરાશે છે કે ખાલી વાતો કરીશું...?

આમ મિત્રો દિવ્યાંગોના સમગ્ર વિકાસમાં આપણે સતત પ્રયત્નશીલ રહીએ એવી શુભકામનાઓ સાથે આવતા મહિને મળવાની તમન્ના સાથે અલવિદા...!

**પૂર્ણ વિરામ...**

મેદાનમાં હારનારા હજી જીતી શકે છે, પણ મનથી હારી ચૂકેલાઓ માટે વિજયના દરવાજા કાયમ બંધ થઈ જાય છે. - પૂ. રત્નસૂર વિજયજી

## એંશી ટકા સ્ટાફ દિવ્યાંગોનો : અમદાવાદનું આ દંપતિ દિવ્યાંગોને અને ગરીબોને નોકરી આપવા ઉપરાંત પ્રેમ અને આનંદથી પણ ભરી દે છે...!

આલેખન : રમેશ તન્ના

અમદાવાદના ડ્રાઈવ-ઈન રોડ પર આવેલું મોબાઈલ ફોન કંપનીનું એક કોન્ટેક્ટ સેન્ટર પ્રેમ અને આનંદથી સતત છલકાતું રહે છે. અહીંના સ્ટાફને સાંજ પડે ઘરે જવાનું મન ના થાય તેવો સેન્ટરનો માહોલ છે. ૫૫માંથી ૪૫ વ્યક્તિ દિવ્યાંગ છે. સમર્થા ઈન્ફોટેકનાં સંચાલકો અનરાધાબહેન અને પવનભાઈ દરેક સભ્યની ખૂબ કાળજી રાખે છે. આ દંપતિ પાસે અનેક ઉચ્ચ ડિગ્રીઓ છે. મલ્ટીનેશનલ કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરવાનો બંનેનો મળી ૪૫ વર્ષનો દીર્ઘ અનુભવ છે. તેમણે પોતાની કંપનીમાં દિવ્યાંગો અને જેને નોકરીની અતિશય જરૂરિયાત હોય તેને પ્રાથમિકતા આપવાનો નિયમ કર્યો છે. દિવ્યાંગોના કાર્યની ગુણવત્તા સહેજે ઓછી હોતી નથી. તેઓ દિલ દઈને ખૂબ જ સુંદર કાર્ય કરે છે. પવનભાઈ અને અનુરાધાબહેનને તો એવો જબરજસ્ત અનુભવ થયો કે માત્ર છ મહિનામાં તેમણે અમદાવાદમાં જ બીજાં બે સેન્ટરો શરૂ કરવા પડ્યાં છે. તેમની કંપની એક ખાનગી કંપનીના મોબાઈલ ફોનનાં કોન્ટેક્ટ સેન્ટર ચલાવે છે.

ચાલો મળીએ કેટલાક કર્મચારીઓને :

આ છે રાજવી. તે વિકલાંગ છે. વ્હીલચેર વાપરે છે. તે અનુરાધાબહેનને સીસીડીમાં મળી હતી. મળી ત્યારે એકદમ ડલ હતી. જાણે કે જીવનનું બધુ નૂર હણાઈ ગયું હતું. આ કંપનીમાં જોડાઈ અને ચમત્કાર થયો. જબરજસ્ત આત્મવિશ્વાસ આવી ગયો. કંપનીનું એચઆર તે સંભાળે છે. અને તમે લબ્ધિને મળો તો અભિભૂત જ થઈ જાય. હું સાંજે મળેલો. પણ એકદમ ફ્રેશ. તાજાંમાજાં. જાણે કે હમણાં જ સ્નાન કરીને સીધા નોકરી પર આવ્યાં છે. એકદમ સ્પષ્ટ ઉચ્ચાર અને વિચાર બંન્ને. કહે છે અહીં અમને કામ કરવાની એટલી મજા આવે છે હું તેને શબ્દોમાં બયાન ના કરી શકું. મોહમ્મદ અલીને મળો. અંધજન છે. રફી સાહેબનાં ગીતો ગાય છે. આંખો બંધ કરીને સાંભળો તો લાગે કે રફી જ ગાઈ રહ્યા છે. મંથન, રમેશ, તીર્થ દરેકને તમે મળો તો આનંદથી તરબતર છે. કહે છે કે આવા બોસ તો નસીબ હોય તો જ મળે.

અનુરાધાબહેન મૂળ રાજસ્થાનના અને પવનભાઈ હૈદરાબાદના. બંનેને અમદાવાદ ગમે છે. પવનભાઈના એક સગા અચાનક દિવ્યાંગ થયા અને ખૂબ હેરાન થયા. એ બધું તેમણે જોયેલું. નક્કી કર્યું કે દિવ્યાંગોને હું પહેલી તક આપીશ. તેમની કંપનીના તમામ સેન્ટરોના સભ્યો એક પરિવારના સભ્યો હોય તે રીતે કામ કરે છે. આનંદ, ખુશી, પ્રેમ, હૂંફ, સહકાર, ગમ્મત. આ બધું સતત ચાલતું રહે છે. સેન્ટરમાં એક ઘંટ છે. કોઈ ખુશ થાય એટલે વગાડે. ઘણી કંપનીઓ દિવ્યાંગોને નોકરી ના આપે, જોઈને મોં મચકોડે. આ કંપની અને દંપતિ એવું છે કે દિવ્યાંગો પાસે દોડીને જાય. તેમને પોતે સ્વીકારે. આવકારે અને સાચવે. અને હા, આપની આસપાસ કોઈ જરૂરિયાતમંદ દિવ્યાંગ કે વ્યક્તિ હોય તો જરૂર તેમનું ધ્યાન દોરજો. વધુ માહિતી માટે રાજવી- ૭૪૩૪૦૦૯૯૯૧ ઉપર સંપર્ક કરશો. ●

## પિતાએ પુત્રીને આપી સાચી શ્રદ્ધાંજલિ

શ્રી નિરંજનાબેન તથા શ્રી રસિકભાઈ મોદીના એકના એક પુત્ર "દર્શન" અમદાવાદમાં લપકામણમાં આવેલ એઈમ્સ કોલેજમાં ઓપ્થોમેટ્રી (આંખ) વિષયમાં અભ્યાસ કરતો હતો. તા. ૧૩-૩-૨૦૧૨ના (પા.નં.- ૩ ઉપર)

(પા.નં.- ૨ ઉપરથી...)
રોજ અચાનક આકસ્મિક અવસાન થતાં શોકની ઘેરી લાગણી પ્રવર્તતી ગઈ. આજે ભલે દર્શન નથી પણ એની પુણ્યસ્મૃતિમાં માનવતાના મંડપે મોદી પરિવારે સેવા યજ્ઞ આરંભ્યો છે.

દર્શન રસિકભાઈ મોદી મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખશ્રી રસિકભાઈ મોદીએ સેવાયજ્ઞની સુવાસ ફેલાવેલ છે. ન કોઈ સ્વાર્થ કે ન કોઈ મેળવી લેવાની ભાવના વગર સમાજના વૃધ્ધો, નિરાધાર વ્યક્તિઓ, વિધવા, ત્યક્તા અને વિકલાંગો પ્રત્યે પોતાનો કિંમતી સમય ફાળવી તન, મન અને ધન થી શૈક્ષણિક ક્ષેત્રે, પ્રવાસ ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, રમતગમત ક્ષેત્રે અને અન્ન ક્ષેત્રે સમાજના જરૂરિયાતવાળી વ્યક્તિઓ પ્રત્યે પૂર્ણ સંવેદનાની મૂર્તિ બનેલ છે. દર્શન રસિકભાઈ મોદી મેમોરિયલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

● અત્યાર સુધીમાં કુલ ૪૦ પ્રવાસોનું આયોજન કરેલ છે. તેમાં કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી, પણ સુંદર ગીફ્ટ આપવામાં આવે છે.

● મગોડી પાસેનું વૃધ્ધાશ્રમ દત્તક લીધું છે. તેમાં રહેતા વડીલોને પ્રવાસ કરાવે છે તથા દરેક કાર્યક્રમમાં સામેલ કરે છે.

● આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ તથા દિવ્યાંગોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવે છે.

● આર્થિક રીતે નબળા વ્યક્તિઓને અનાજ કીટ આપવામાં આવે છે.

● શરદ પૂનમ નિમિત્તે દિવ્યાંગો માટે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવે છે.

આ કામગીરીમાં તેમના ધર્મપત્નિ શ્રી નિરંજનાબેન ઉપરાંત તેમના પરિવારના સભ્યોનો સાથ-સહકાર મળી રહે છે. ખરેખર રસિકભાઈ મોદી દર્શને સાચી શ્રધ્ધાંજલિ આપી રહ્યા છે. શ્રી રસિકભાઈ મોદીનો સંપર્ક નંબર : ૯૪૨૬૭ ૪૨૫૪૯ ઉપર સંપર્ક કરશો.

આલેખન : જ્યોત્સ્ના સુથાર, અમદાવાદ

(અનુસંધાન પા.નં. : ૪ ઉપર..)
વડાપ્રધાને દિવ્યાંગ કહેવાનું કહીને એટલીસ્ટ આવા લોકોને યાદ તો કર્યા. બાકી તો કોઈ તેનો ભાવ પૂછતું નથી. હા, થોડીક સંસ્થાઓ ઉમદા કામ કરે છે પણ વિકલાંગોની સંખ્યા એટલી મોટી છે કે તેનાથી બહુ મોટો ફેર પડતો નથી. ખાનગી કંપનીઓ હજુ પણ અપંગોને જોબ આપવાનું ટાળે છે. વિકલાંગો માટે હજુ વધુ કાયદાઓ બનાવવાની અને સાથોસાથ એ કાયદાઓનો કડક અમલ થાય એ જોવાની તાતી જરૂરિયાત છે. વિકલાંગોને જે દિવસે દિવ્યાંગ હોવાનું ફીલ થશે એ દિવસે જ આપણે કહી શકીશું કે, એ લોકોનું ખરેખર ભલું થયું છે. માત્ર સરકારે જ નહીં, સામાન્ય લોકોએ પણ સક્રિય થવાની જરૂર છે. દરેક વ્યક્તિને જ્યારે એવું થશે કે દિવ્યાંગો પ્રત્યે અમારી પણ કોઈ જવાબદારી છે ત્યારે જ તેઓનું કંઈક ભલું થશે ! ●

(પા.નં. ૧ ઉપરથી...)
હતો કે હું ડાન્સ કરી શકીશ નહીં. કારણ કે નવ વર્ષની ઉંમરે તેણે કથ્થકમાં ડિસ્ટિંક્શન મેળવ્યો હતો. મારા પેરેન્ટસે અને ફેમિલીએ મને કોઈ સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપી નહોતી. તેથી પહેલેથી સ્વાવલંબી બનતા શીખી. એજ્યુકેશન પૂરું કર્યા પછી હું ફેમિલી બિઝનેસમાં પ્રવેશી. અત્યાર સુધી અમારા ફેમિલીની કોઈ મહિલા બિઝનેસમાં નહોતી, પરંતુ મને કોઈ બંધન નહોતું. અન્ય લોકોની જેમ જ હું વ્હીલચેરમાં ઑફિસે જાઉં છું. મારી વ્હીલચેર મેં મારા ઑફિસ કામમાં મદદરૂપ બને એવી તૈયાર કરાવી છે. ૧૨ મિલિયન ડૉલરની વેલ્યુ ધરાવતી જિંદાલ કંપનીનો ભાર હાલમાં સ્મિનુના શિરે છે. તે મલ્ટી ટાસ્કિંગ છે. સ્મિનુ સ્ટીલ, ઓઈલ અને ગેસ સેક્ટરમાં કામ કરનારી પ્રથમ મહિલા છે. બિઝનેસ સાથે તે સ્વયંમ્ નામની સંસ્થા પણ ચલાવે છે. જે હિસ્ટોરીકલ સ્મારક માટે કામ કરે છે. નબળાઈને તાકાત બનાવનારી આ દિવ્યાંગ મહિલાઓ ખરેખર સેલ્યુટને પાત્ર છે. ●

(સૌજન્ય : સંદેશ )

### "વિકલાંગ મિત્ર" ઓનલાઈન

હવે "વિકલાંગ મિત્ર"એ પોતાની વેબસાઈટ બનાવી છે. જેમાં વિકલાંગ મિત્રના પ્રસિધ્ધ થતા અંકો પીડીએફ સ્વરૂપે વાંચવા મળશે.

**www.viklangmitra.org**

પ્રિય વાંચકો, શુભેચ્છકોને....!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને "વિકલાંગ મિત્ર"ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029**, **IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે. **PAN CARD - AQRPP1814A**

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર
મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,
મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨
viklangmitra@yahoo.com
viklangmitra@gmail.com

વિકલાંગ મિત્રને હાર્દિક શુભેચ્છા સહ...



# દિવ્યાંગ કહી દેવાથી વિકલાંગોનું ભલું થઈ જશે ?

આલેખન : કૃષ્ણકાંત ઉનડકટ

"હું મરી જઈશ પછી મારા અપંગ દીકરાનું શું થશે ? કોણ એનું ધ્યાન રાખશે ? ક્યારેક તો મને એવો ખરાબ વિચાર આવી જાય છે કે હે ભગવાન, તું મારા પહેલાં મારા દીકરાને તારી પાસે બોલાવી લેજે." એક વિકલાંગ પુત્રની માતાના આ શબ્દો છે. અલબત્ત, આ એક વ્યક્તિગત ઘટના છે, આમ છતાં દેશમાં વિકલાંગોની હાલતનું બયાન તેમાં આવી જાય છે. આપણે ત્યાં હજુ એવા કેટલાયે વિકલાંગો છે જે પોતાને "કમનસીબ" માને છે. જોકે, થોડાક વિકલાંગોના મોંઢે તમે એવું સાંભળ્યું છે કે, જે હોય તે, આ મારી લાઈફ છે, હું તેનાથી ખુશ છું.

આપણે ત્યાં એક વિકલાંગોનસીબદાર છે જેના પરિવારની આર્થિક હાલત સારી છે. માંડ માંડ બે છેડા ભેગા કરતા હોય કે મજૂરી કરીને પેટિયું રળતા હોય એવા પરિવારમાં અપંગોની હાલત આજે પણ આંખના ખૂણા ભીના થઈ જાય એવી હોય છે. કોઈ અપંગે એક્સ્ટ્રા ઓર્ડિનરી કામ કર્યું હોય તો તેની ક્લીપ કે મેસેજ વાઈરલ જાય છે. સાજો-નરવો માણસ પણ એવી પ્રેરણા લે છે કે આ વ્યક્તિ વિકલાંગ થઈને પણ જો આવું કરી શકતી હોય તો હું તો સંપૂર્ણ સ્વસ્થ છું. અવનવું કામ કરનાર વિકલાંગને આપણે બિરજાવીએ છીએ કે વાહ ક્યા બાત હૈ ! આવા યુનિક વિકલાંગની સંખ્યા કેટલી ? આંગળીના વેઢે ગણી શકાય એટલી જ ! બાકીના વિકલાંગો પ્રત્યે આપણું વર્તન અને તેના માટે આપણા વિચારો કેવા હોય છે...?

માત્ર હાથ પકડીને રસ્તો પસાર કરાવી દઈને અથવા તો તેમના માટે બેસવાની જગ્યા ખાલી કરી દઈને આપણે એવું આશ્વાસન લઈએ છઈએ કે આપણે સારા અને રિસ્પોન્સિબલ સિટિઝન છઈએ. એ સિવાય લોકો અને સરકાર વિકલાંગો માટે શું અને કેટલું કરે છે ? અપંગોને ટ્રાયસિકલ અને પ્રજ્ઞાચક્ષુઓને ટકોરાવાળી લાકડી આપનાર સંસ્થાઓ બીજું શું કરે છે ? જેટલું કરે છે એ સારું જ છે, એને વખાણવું જોઈએ, કોઈક તો એવું છે જે આવા લોકોની ચિંતા કરકે છે. સવાલ એની ટીકા કરવાની નથી, સવાલ માત્ર એટલો જ છે કે અપંગો માટે જેટલું થાય છે એટલું પૂરતું ? તેનો જવાબ કદાચ ના છે !

આપણા વડાપ્રધાને "મન કી બાત" કાર્યક્રમમાં વિકલાંગોને દિવ્યાંગ સંબોધવાનું આહ્વાન કર્યું. ફાઈન, ચાલો સંબોધન બદલી દઈએ. સારી વાત છે. પરંતુ એટલું કહી દેવાથી વાત પતી જવાની છે ? અગાઉ અપંગ કહેતા હતા, પછી વિકલાંગ થયું. હવે દિવ્યાંગ કહેવામાં કશો વાંધો નથી. અંગ્રેજીમાં હેન્ડિકેપ શબ્દને બદલી ફિઝીકલી ચેલેન્જડ અને પછી સ્પેશિયલ પ્રિવિલેજન્ડ જેવા શબ્દો વપરાવા લાગ્યા છે. ભવિષ્યમાં કદાચ આનાથી પણ સારા સંબોધનો શોધી લેવાશે.

સાવ એવું નથી કે સરકાર કંઈ કરતી નથી, સરકારે ઘણું કર્યું છે. વિકલાંગો માટે વિશેષ કાયદો ૧૯૯૫માં બન્યો હતો. તા. ૭ ફેબ્રુઆરી, ૧૯૯૩થી માંડી આજ દિવસ સુધી તેનો અમલ થઈ રહ્યો છે. સમાજ સુરક્ષા ખાતા દ્વારા વિકલાંગોને શિક્ષણ, તાલીમ અને સહાય મળે છે. વિકલાંગોને નોકરી આપવા માટેની જોગવાઈઓ છે. બધું છે પણ ગ્રાઉન્ડ રિયાલીટી કેવી છે ? બસ કે ટ્રેનમાં વિકલાંગો માટે બેઠકો રિઝર્વ કરવામાં આવી છે પણ ટ્રેન કે બસમાં ચડવામાં નાક દમ આવી જાય છે. આપણી ટ્રેનના પાટિયાવાળાં પગથિયાં એવાં હોય છે કે મોટી ઉંમરનાને પણ ટેકો આપે ત્યારે ચડી શકે. વિદશમાં આખેઆખી વ્હીલચેર બસમાં કે ટ્રેનમાં ચડી જાય એવી સુવિધા હોય છે.

આપણા દેશમાં કુલ વિકલાંગો કેટલા છે ? ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ દેશમાં ૨,૬૮,૧૦,૫૭૭ લોકો દિવ્યાંગો છે. સ્ત્રીઓની સરખામણીમાં વિકલાંગ પુરુષોની સંખ્યા વધારે છે, બીજી રીતે જોઈએ તો દેશની કુલ વસ્તીના ૨.૨૧ ટકા લોકો વિકલાંગ છે. આઠ પ્રકારની વિકલાંગતાને આધાર બનાવી આ ફિગર કાઢવામાં આવ્યા છે. આ આઠ પ્રકારમાં અંધ, બહેરા-મૂંગા, હાલી-ચાલી ન શકે એવા, મેન્ટલ ડિસેબલ, મલ્ટિપલ ડિસેબલ અને અન્ય વિકલાંગોનો સમાવેશ થાય છે. શહેરો કરતાં ગામડાઓમાં વિકલાંગોની સંખ્યા વધુ છે.

પ્રજ્ઞાચક્ષુ એટલે કે આંખની ખામી ધરાવનારાઓમાં આપણો દેશ દુનિયામાં નંબરવન છે ! જોઈ શકતા ન હોય એવા લોકોની હાલત કેવી હોય છે ? એ મહેસૂસ કરવું હોય તો એક વખત અમદાવાદના અંધજન મંડળમાં આવેલા સેન્ટર પર જજો. ત્યાં એવો બ્લેક રૂમ બનાવાયો છે જેમાં તમારી આંખ ખુલ્લી હોય તો પણ તમને બધું બ્લેક જ દેખાય. માત્ર પાંચ મિનિટમાં તમને એ વાતનો અહેસાસ થઈ જશે કે તમે કેટલા નસીબદાર છો.

હજુ હમણાંની જ વાત છે. દિલ્હીની દિવ્યાંગ યુવતી ઈરા સિંઘલ યુપીએસસીની ટોપર બની. આ યુવતીને હમણાં માંડ માંડ જોબ મળી. અગાઉ પણ તે ત્રણ-ચાર વાર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી ચૂકી હતી પણ તેનું ક્યાંય પોસ્ટિંગ થયું ન હતું ! ટોપર બની ત્યારે મીડીયામાં તેના સમાચાર ચમક્યા અને તેને સારી જોબ મળી. જો બ્રિલિયન્ટ યુવતીની સ્થિતિ આવી હોય તો પછી સામાન્ય વિકલાંગ વ્યક્તિની તો વાત જ ક્યાં કરવી...?

(પા.નં. ૩ ઉપર...)

અંકના સૌજન્ય દાતાશ્રી : પ્રજ્ઞાબેન સુમિતભાઈ પરીખ પરિવાર- પૂના

Book-Post Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

From :

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર

મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,

મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨

viklangmitra@yahoo.com

www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA